### વરસાદના કારણે હાલોલ જીઆઈડીસીમાં દિવાલ ધરાશાયી થતા ૪ બાળકોનાં મોત, ૮ લોકો દટાયા

# નવસારી-વલસાડમાં બે દિવસ હાઈ એલર્ટ

## વડોદરા, સૌરાષ્ટ્ર તેમજ સુરતમાં ધોધમાર વરસાદ : મહાનગર પાલિકાનો પ્રિ-મોન્સુન પ્લાન ધોવાયો : પ્રથમ વરસાદે જ શહેરમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ હતી : રસ્તા બંધ થતાં અનેક ગામડાઓ સંપર્ક વિહોણા બન્યાં : પંચાયત હસ્તકના કુલ ૨૩ રસ્તા બંધ કરાયા : વ્યારા ૩, ડોલવણ ૨, વાલોડ ૩ અને સોનગઢ ૧૫ના રસ્તા બંધ

હાલોલ/વાપી/, તા.૨૯

સુરતમાં બારે વરસાદથી રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને પગલે સુરતમાં પાણી ભરાયા હતા. ત્યારે સુરતની મધ્યમાંથી પસાર થતી ખાડીઓ ઓવરફ્લો થતા ખાડીઓમાં પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે પર્વત પાટિયા, ગોદાદરા વિસ્તારમાં રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાતા ભારે ટ્રાફિક જામ થયો હતો. ઘૂંટણ સમા પાણી ભરાવાનાં કારણે અધ વચ્ચે ઘણા વાહન ચાલકોનાં વાહન બંધ થઈ ગયા હતા. સુરતમાં ધોધમાર વરસાદનાં કારણે પેટ્રોલ પંપ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સુરત જીલ્લામાં ધોધમાર વરસાદનાં કારણે પલસાણાનાં બલેશ્વર ગામે ખાડીમાં ઘોડાપુર આવ્યું હતુ. ભારે વરસાદથી ભલેશ્વર ગામ બેટમાં ફેરવાયું હતું. પાણીને લઈ નેશનલ હાઈવે તરફ જવાનો રસ્તો બંધ થયો હતો. ત્યારે ખાડીમાં પાણીની આવક થતાં બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ખાડીમાં પાણી આવતા તંત્ર દ્વારા સાવચેતીનાં ભાગ રૂપે તુંડી, બગુમરા ગામે જવાનો રસ્તો બંધ થયો હતો.

વડોદરા શહેરમાં ધોધમાર વરસાદને કારણે ઠેર ઠરે પાણી ભરાયા હતા. ત્યારે શહેરનાં અલકાપુરી ગરનાળામાં સિટી બસ ફસાઈ જતા નાળામાં પાણી ભરાઈ જતાં બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. ત્યારે બસ પાણીમાં ફસાઈ જતા બસમાં સવાર મુસાફરો પરેશાન થયા હતા. ત્યારે રાહદારીઓ દ્વારા મુસાફરોનું રેસ્ક્યું કરાયું હતું. વડોદરાનાં લહેરીપુરા દરવાજા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ત્યારે પાણીમાંથી પસાર થતી એમ્બ્યુલન્સ ખોટકાઈ હતી. જે બાદ અન્ય એમ્બ્યુલન્સને બોલાવીને દર્દીને હોસ્પિટલ લઈ જવાયો હતો. ત્યારે પાણી ભરાવાથી અનેક વાહનો બંધ ખોટકાયા હતા.

તો પંચમહાલ જિલ્લામાંથી એક દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. પંચમહાલની હાલોલ જીઆઈડીસીમાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. જેમાં ૪ બાળકોના મૃત્યુ નીપજ્યાં છે, તો ૨ મહિલા સહિત અન્ય લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, હાલોલ જીઆઈડીસીમાં આવેલ એક કંપનીની દિવાલ ધરાશાયી થતાં કાટમાળની નીચે ૮ લોકો દટાયા હતા. જે બાદ મોટી સંખ્યામાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ દુર્ઘટનામાં ૪ બાળકોના કરૂણ મૃત્યુ નીપજ્યાં હોવાના સમાચાર સામે આવી રહ્યા છે.

જ્યારે ૨ મહિલા સહિત ૪ લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાંની સાથે જ હાલોલ પોલીસની ટીમ પણ જીઆઈડીસી ખાતે દોડી આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં શ્રમિકો મધ્યપ્રદેશથી હાલોલ કામ કરવા આવ્યા હોવાનું સામે આવ્યું છે.

હાલ ૨ મહિલા સહિત અન્ય લોકોને હોસ્પિટલમાં ખસેડાયા છે.

### બાયડમાં મૂશળધાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ

અરવલ્લી, તા.૨૯

રાજ્યમાં હાલ મોટાભાગના જિલ્લામાં મેઘરાજા વરસી રહ્યાં છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં અનારાધાર વરસાદ આફતરૂપ બની રહ્યો છે. બાયડમાં સવારથી જ સતત વરસતા વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી છે. અહીં બાયડ તાલુકાના જીતપુરમાં એક જ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### વરસાદને કારણે તાપી કોઝવે પાણીમાં ગરકાવ : ૨૩ રસ્તા બંધ

તાપી, તા.૨૯

તાપીના ગ્રામ્ય વિસ્તારોમાં આજે સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને કારણે અનેક રસ્તા બંધ કરવાની ફરજ પડી છે. સતત વરસી રહેલા વરસાદને કારણે કોઝવે પાણીમાં ગરકાવ થયા છે. જેને કારણે જિલ્લા પંચાયત હસ્તકના કુલ ૨૩ રસ્તા બંધ કરવાની ફરજ પડી છે. વ્યારામાં ત્રણ, ડોલવણમાં બે, વાલોડમાં ત્રણ અને સોનગઢના ૧૫ રસ્તા સલામતીના ભાગરૂપે બંધ કરી દેવામાં આવ્યાં છે. તમામ રસ્તા બંધ થતાં અનેક ગામડાઓ સંપર્ક વિહોણા બન્યાં છે. ચોમાસાના પ્રારંભે જ મેઘરાજા સમગ્ર ગુજરાતને ધમરોળી રહ્યા છે. ત્યારે આજે ફરી દક્ષિણ ગુજરાતમાં આગામી સમયમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. મધ્યપ્રદેશમાં એક અને દક્ષિણ ગુજરાતમાં બે સિસ્ટમ સક્રિય થઈ છે. જેને કારણે આજે સુરત, નવસારી, વલસાડ, નર્મદા, દાદરા નગર હવેલી અને દમણમાં અતિ ભારે વરસાદ વરસી શકે છે. ૨૯ જૂનથી ૨ જુલાઈ સુધી અમદાવાદમાં ૩થી ૫ ઈંચ વરસાદની શક્યતા છે.





બકરી ઈદના તહેવાર નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા જુમ્મા મસ્જિદમાં નમાઝ પઢવામાં આવી હતી. ઈદની નમાઝ બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાના ઘરે જઈ ઈદ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી. ખૂબ શાંતિપૂર્ણ માહોલમાં ઈદની ઉજવણી થઈ હતી.

# અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ

## હવામાન વિભાગની આગાહી યોગ્ય ઠરી : અમદાવાદમાં સવારથી જ અનેક વિસ્તારોમાં વીજળીના કડાડા ભડાકા સાથે વરસાદથી રોડ પર પાણી ભરાયા, માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના

અમદાવાદ , તા.૨૯

હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ સહિત રાજ્યના અનેક વિસ્તારોમા ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદ શહેરમાં સવારથી જ અનેક વિસ્તારોમાં વીજળીના કડાડા ભડાકા સાથે વરસાદ પડી રહ્યો હોવાથી રોડ પર પાણી ભરાયા છે. આ ઉપરાંત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાવાને કારણે તેમજ રોડ પર વાહન ચલાવતા લોકોને ભારે હાલાકોની સામનો કરવો પડી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના નરોડા, સરદારનગર, એરપોર્ટ, શાહીબાગ, વાડજ, આશ્રમરોડ, નવરંગપુરા, ગોતા, નારણપુરા, આંબાવાડી, એસ જી હાઈવે, પાલડી સહિતના વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મોન્સૂન ટ્રફ અને સર્ક્યુલર સિસ્ટમ સક્રિય થવાથી ગુજરાતભરમાં મેઘમહેર જોવા મળી રહી છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આંકડા પર નજર કરીએ તો ૨૪ કલાકમાં ગુજરાતના ૧૮૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં પારડી અને વલસાડમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. નવસારી અને વલસાડમાં આજે અતિભારે વરસાદ પડવાની આગાહી હોવાથી રેડ એલર્ટ જયારે સુરત, ડાંગ અને તાપીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદના નરોડા વિસ્તારમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીના ગાર્ડન જાણે સ્વીમિંગ પૂલમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. હવામાનની આગાહી મુજબ ગુરુવારે રાજ્યના વલસાડ, સુરત, ભરૂચ, તાપી, ડાંગ અને નવસારીમાં અતિભારે વરસાદ પડી શકે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદની સંભાવના છે. આજે સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, મોરબી, દ્વારકા અને ભાવનગરમાં ભારે વરસાદ, જ્યારે કચ્છના પણ મોટાભાગના વિસ્તારો ઉત્તર ગુજરાતના પણ કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. બુધવારે સવારે ભારે વરસાદને પગલે મલાડ વેસ્ટના માવલેદાર વિસ્તારમાં એક ઝાડ પડતા કૌશલ દોશી નામના ૩૮ વર્ષીય ગુજરાતી યુવકનું મોત થયાનું જાણવા મળ્યું છે. કૌશલને માથા સહિત શરીરના અનેક ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું.

દેશના કેટલાક ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે. ત્યારે બુધવારે દિલ્હી સહિત ઉત્તર ભારતના મેદાની પ્રદેશમાં વરસાદના આગમી લોકોને ગરમી અને અસહ્ય બફારાથી રાહત મળી છે. ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી કેટલાક દિવસો સુધી ભારે વરસાદ જળવાઈ રહેશે. ૫ દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે.

### ૪ ઈંચ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પલવારમાં જ સમગ્ર શહેરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા .જયારે શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારો અને સેકટરોના એપ્રોચ માર્ગ પર ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જો કે તોફાની બેટીંગના અંતે મેઘરાજાએ વિરામ લેતા મોડી રાત સુધીમાં મોટાભાગના વિસ્તારમાંથી વરસાદી પાણી ઓસરી ગયા હતા. પરંતુ શહેરના ઘ-૨ કોર્નર સે-૨૪ સહીત સેકટરોના આંતરિક વિસ્તારો અને કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. મુખ્યમાર્ગો પર પણ રસ્તાના સાઈડ સોલ્ડર્સ પાસે પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. રાત્રિના સમયે મનમુકીને વરસેલા મેઘરાજાએ ગાંધીનગરને પાણીથી તરબતર કરી દીધુ હતુ. જયારે દોઢ કલાકમાં જ ૯૦ મી મી અલબત્ત ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. તોફાની વરસાદના લીધે શહેરમાં કેટલાક ઠેકાણે વૃક્ષોની ડાળીઓ નમી પડી હતી જયારે સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ઠેર ઠરે વરસાદી સમસ્યાઓ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની હતી. રાત્રિના અંતે આજે સવારથી પણ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ જયારે દિવસ દરમિયાન સમયાંતરે ઝરમર વરસતા વરસાદથી ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. દિવસ દરમિયાન ૫ થી ૭ મી મી વરસાદ નોંધાયો છે. જયારે અગાઉ પણ શહેરમાં વરસાદી ઝાપટાના લીધે ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે શહેરમાં અત્યાર સુધીનો સિઝનનો વરસાદ ૧૫૩ મી મી નોંધાયો છે. ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભે જ અત્યાર સુધી ૬ ઈંચ વરસાદ થઈ ગયો છે. મેઘરાજા મુડમાં આવતા અષાઢી નઝારો નિખર્યો છે. આજે વાદળિયા વાતાવરણ અને વરસાદની ભીનાશ વચ્ચે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ દિવસ દરમિયાન ૯૮ ટકા સુધી રહ્યુ હતુ. મેઘરાજા મનમુકીને વરસ્યા બાદ પણ નગરજનોએ આજે દિવસ દરમિયાન આકરો ઉકળાટ અનુભવ્યો હતો.

### સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓછુ છે એટલુ જ નહિ આક્રમકરૂખ પણ મર્યાદિત છે તેથી આ સામાન્ય સભા બહુ તોફાની નહિ બને તેમ મનાઈ રહ્યુ છે.

બેઠકમાં સમિતિની કાર્યવાહી નોંધોને બહાલી આપવા ઉપરાંત અધ્યક્ષસ્થાનેથી જો કોઈ બાબત હશે તો તે રજુ થશે. જો કે હાલ તો બન્ને પક્ષોએ આ બેઠકને લઈ તેમની તૈયારીઓ પુરી કરી લીધી છે.

કલોલમાં રોગચાળાની સ્થિતિ સહિતના મુદ્દાઓ ચર્ચામાં આવે તેવી સંભાવનાઓ છે.

### ભુવાનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના હાર્દ સમા સે- ૧૭ : ૨૨ વિસ્તારમાં પણ માર્ગની એકબાજુએ માટી પોલાણ થવાના લીધે તોતિંગ ગાબડુ પડયુ હતુ. જેના લીધે ભયજનક સ્થિતિ ઉદભવી હતી. જયારે ન્યુ વાવોલ વિસ્તારમાં પણ કુંજ હાઈટસ થી ગુડાના આવાસ તરફ જવાના માર્ગ પર ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ હતુ. જયારે સે-૨૪ શાકમાર્કેટ નજીક પણ ગાબડુ જોવા મળ્યુ હતુ. સે- ૫ સી માં રીંગ રોડ પર તોતિંગ ગાબડુ પડતા વરસતા વરસાદ વચ્ચે ભયજનક સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત સે- ૪ અને સે- ૫ બી માં રીંગ રોડ ઉપર પણ માર્ગ વચાળે ખાડો અસ્તિત્વમાં આવ્યો હતો. જયારે પી ડી પી યુ માર્ગ પર બે ઠેકાણે ગાબડુ પડતા વાહનચાલકોએ જોખમી સ્થિતિનો સામનો કરવો પડયો હતો. શહેરમાં માત્ર ૪ ઈંચ વરસાદમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ વચ્ચે કાદવ કિચ્ચડ અને ભુવા અસ્તિત્વમાં આવ્યા હતા વરસાદી રાતના અંતે સવારે અનેક ઠેકાણે માર્ગો પર વાહનચાલકો માટે ભયજનક સ્થિતિ સર્જાઈ હતી. શહેરમાં એકબાજુ માળખાગત સુવિધા અને વિકાસના અનેકવિધ કામો ચાલી રહ્યા છે. ત્યારે વરસાદી દિવસો નજીકમાં હોવાથી તંત્રએ પ્રિ મોન્સુન પ્લાન પણ તૈયાર કરીને જરૂરી કામગીરી પણ હાથ ધરી હતી પરંતુ માત્ર ચાર ઈંચ વરસાદમાં જ શહેરમાં બધુ અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. હજુ ચોમાસાની શરૂઆત છે ત્યારે પ્રથમ વરસાદમાં જ નગરમાં વરસાદી સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. ત્યારે આગામી વરસાદી દિવસો દરમિયાન નગરજનોએ આવી જોખમી સ્થિતિમાંથી પસાર ન થવુ પડે તે માટે તંત્રએ અસરકારક કામગીરી કરવાની તાતિ અનિવાર્યતા છે.

### દહેગામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે હાલીસા, સાણોદા તેમજ નાના જલુન્દ્રા ગામે આકાશી વીજળી પડવાથી ૪ પશુના મોત થયા છે. સાણોદામાં ગઈકાલે સાંજે વીજળી પડવાથી એક ભેંસનું મોત થયુ હતુ અને હાલીસામાં આજે સવારે વીજળી પડતાં એક પશુનુ મોત થયુ હતુ. આ ઉપરાંત નાના જલુન્દ્રા ગામે વીજળી પડતાં બે બળદોના મોત થયાનું જાણવા મળેલ છે.

વિગતો પ્રમાણે સાંપા ગામે આવેલ પેટાપરામાં બાવળના ઝાડ સાથે વીજલાઈનના તાર પણ પડવાને કારણે એક ગાય અને એક ભેંસનું મરણ થયાનું જાણવા મળેલ છે. આ બન્ને પશુઓના મોત વીજકરંટ લાગવાથી થયા છે. એક જ તાલુકામાં છ પશુઓના મોત વાયુવેગે પશુપાલકોમાં પ્રસરતાં પશુપાલકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં આજે સવારે ૬ થી રાત્રિના ૮ દરમ્યાન દહેગામ અને ગાંધીનગરમાં વરસાદ નોંધાયો છે. દહેગામમાં ૩૪ મી.મી. અને ગાંધીનગર તાલુકામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં જે વરસાદ નોંધાયો છે તે મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૯૫ મી.મી. વરસાદ થયો છે. જેમાં માણસામાં ૧૨૧, ગાંધીનગરમાં ૧૧૯, કલોલમાં ૮૪ અને દહેગામમાં ૫૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. ગઈકાલે રાત્રે જિલ્લાના ચારેય તાલુકામાં સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

ચોમાસામાં નોંધાતા સરેરાશ વરસાદના સંદર્ભે ટકાવારીમાં જોઈએ તો જિલ્લામાં ૧૨.૨૩ ટકા વરસાદ અત્યાર સુધીમાં થયો છે. માણસામાં ૧૫.૨૦ ટકા, ગાંધીનગરમાં ૧૬.૬૬ ટકા, કલોલમાં ૧૦.૫૭ ટકા અને દહેગામમાં ૬.૯૬ ટકા વરસાદ સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં સમયસર વરસાદ થયો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખરીફ વાવેતરનો ઉત્સાહ ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. મેઘરાજાની તોફાની બેટીંગને પગલે તળાવોમાં નવા નીરની આવક થઈ છે તેમજ જમીનના ભેંજમાં પણ વધારો થતાં ઉગાવામાં તેની અસરો જોવા મળશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

### કૈલાસ પર્વત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે આ યાત્રા શક્ય બની નથી. આવી સ્થિતિમાં પિથોરાગઢના પ્રશાસનિક અધિકારીઓએ વધુ એક શિખર શોધી કાઢ્યું છે જ્યાંથી કૈલાશ પર્વત ખૂબ જ સરળતાથી જોઈ શકાય છે. તેથી હવે અહીં આવવા-જવા માટે ચીનની પરવાનગીની જરૂર નથી. વાસ્તવમાં, કૈલાશ પર્વત નાભાઢંગ પાસે લગભગ ૨ કિલોમીટરની ઊંચી ટેકરી પરથી સ્પષ્ટ દેખાય છે. નોંધનીય છેકે અત્યાર સુધી આ વિશે કોઈને જાણ ન હતી. કેટલાક લોકો ચાલતા ચાલતા અહીં પહોંચ્યા હતા, જેમણે અહીં કૈલાશ પર્વતને ખૂબ નજીકથી જોયો હતો.

તેમણે પ્રશાસનિક અધિકારીઓને ભારતની ધરતી પરથી કૈલાસ પર્વતના દર્શનની માહિતી આપી હતી. જ્યારે અધિકારીઓની ટીમ આ વાતની પુષ્ટિ કરવા પહોંચી તો તેઓ પણ અચંબામાં પડી ગયા હતા. તેમણે અહીંથી કૈલાસ પર્વતનો સ્પષ્ટ નજારો પણ જોવા મળ્યો. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે કૈલાશ પર્વતના દર્શન લિપુલેખથી ખૂબ જ સરળ રીતે જોઈ શકાય છે. સ્થાનિક અધિકારીઓ આ રિપોર્ટ સરકારને સોંપશે, ત્યારબાદ આગળની તૈયારીઓ કરી શકાશે.

### સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રુડના ભાવ ૬૬ ડોલર ઘટી ગયા છે. આ વાતને ૧૪ માસ જેટલો સમય વીતી ગયો છે. છતાં પેટ્રોલ કે ડીઝલમાં કોઈ રાહત મળી નથી. ઉપરથી જીવન જીરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ સતત ઉંચા જઈ રહ્યાં છે. ટામેટા, ઘઉં, કઠોળ, વગેરેના ભાવ સાતમા આસમાને પહોંચ્યા છે. તેમજ ક્રુડના ભાવ ઘટ્યા છતાં, ૨૦૨૨ ના મે મહિના બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. આ કારણે લોકો આ અંગે રાહતના સમાચાર ક્યારે આવે તેની રાહમાં છે.

### જયશંકર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈચ્છીએ કે પાકિસ્તાન સાથે વાતચીત પણ થતી રહે અને આતંકવાદની ઘટનાઓ પણ ચાલતી રહે. કેનેડામાં પંજાબી મૂળના લોકો મોટી સંખ્યામાં રહે છે. કેનેડાની સરકાર આ લોકોની નારાજગીનો સામનો કરવા માંગતી નથી. જેના કારણે તે કોઈ એક્શન લઈ રહી નથી. જોકે છેલ્લા કેટલાક મહિનાઓમાં ખાલીસ્તાની કમાન્ડરોના મોત થયા છે. જેમાંથી કેટલાક લોકો તો ફાયરીંગમાં મૃત્યુ પામ્યા છે. ઉલ્લેખનીય છે કે કેનેડા સરકારને ભારતે ઘણી વખત અપીલ કરી છે કે તેઓ ખાલીસ્તાની તત્વો પર રોક લગાવે.

### કપાશે નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પેકેજ પર ખર્ચની ચૂકવણી કોઈ પણ પ્રકારે કરી હોય તેની પર કોઈ ટીસીએસ આપવુ પડશે નહીં. જોકે, ૭ લાખથી વધુના રેમિટેન્સ પર વધુ ટીસીએસ લાગુ થશે. ક્રેડિટ કાર્ડના ઉપયોગથી વિદેશી રેમિટેન્સ પર કોઈ ટીસીએસ લાગશે નહીં. નાણા મંત્રાલયે ૧ જુલાઈથી લાગુ થતા ટીસીએસ નિયમને વધારી દીધા છે. હવે વધેલુ ટીસીએસ ત્રણ મહિના આગળ વધારી દેવાયુ છે. લોકોને ૭ લાખથી વધુના વિદેશી ખર્ચ પર ૧ ઓક્ટોબરથી ટીસીએસ આપવુ પડશે. નવા ટીસીએસ દર ૧ ઓક્ટોબરથી લાગુ થશે. નાણા મંત્રાલયે માર્ચમાં એલાન કર્યુ હતુ કે ક્રેડિટ કાર્ડ પેમેન્ટ પણ એલઆરએસ હેઠળ લાવવામાં આવશે પરંતુ હવે નાણા મંત્રાલયે પોતાના આ નિર્ણયને હોલ્ડ પર રાખ્યો છે. સરકારે આ નિયમમાં પરિવર્તન કરતા જણાવ્યુ કે વિદેશોમાં ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડથી લેણદેણ હવે એલઆરએસ હેઠળ આવશે નહીં એટલે કે આ ખર્ચ પર કોઈ પણ ટેક્ટ એટ સોર્સ લાગશે નહીં. હવે એક ઓક્ટોબર ૨૦૨૩થી વિદેશોમાં ક્રેડિટ કાર્ડ દ્વારા ખર્ચ ટીસીએસ ફ્રી રહેશે.

# ગીર સોમનાથના ઉનામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

## લાખો રૂપિયા પ્રિમોન્સૂન કામગીરી પાછળ ખર્ચે છે, પરંતુ કામગીરી ફક્ત કાગળ પર જ થતી હોય તેવા દ્રશ્યો

ગીર સોમનાથ, તા.૨૯

ગીર સોમનાથના ઉનામાં ૩ ઈંચ વરસાદથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેના પગલે ઉનામાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા તો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાણી ભરાયા છે. જેના પગલે વાહન ચાલકો અને રાહદારીઓની મુશ્કેલી વધી છે.

ગીર સોમનાથના વેરાવળ માં પ્રથમ વરસાદે જ મુખ્ય બજારોમાં પાણી ભરાયા છે. જેમાં ગાંધીચોક વિસ્તારમાં પાણી ભરાયા છે. જેમાં પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલતા દ્રશ્યો સામે આવ્યા છે. પ્રતિવર્ષ પાલિકા તંત્ર લાખો રૂપિયા પ્રિમોન્સૂન કામગીરી પાછળ ખર્ચે છે. પરંતુ આ પ્રિમોન્સૂન કામગીરી ફક્ત કાગળ પર જ થતી હોય તેવા દ્રશ્યો સર્જાય છે

ગીરસોમનાથના સૂત્રાપાડા પંથકમાં ધોધમાર વરસાદ પડ્યો છે. પ્રશ્નાવડા ગામની બજાર અને શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા છે.પ્રશ્નાવડા ગામના નીચાણવાળા વિસ્તારોમાં ઘરો સુધી પાણી પહોંચ્યા છે. શેરીઓમાં કમર સમા પાણી વહેતા થયા છે. જેમાં ઉપરવાસમાં ભારે વરસાદ વરસે તો અનેક ઘરોમાં પાણી ઘૂસવાની સંભાવના છે.

# વરસાદથી અબડાસાનું છછી ગામ સંપર્ક વિહોણ બન્યું

કચ્છ, તા.૨૯

ઉપરવાસમાં ભારે વરસાદને કારણે કચ્છના કેટલાક તાલુકામાં સ્થિતિ વિકટ બની છે. ત્યારે અબડાસા તાલુકાના છછી ગામમાં પણ નદીઓના પાણી ફરી વળ્યાં છે. ઉપરવાસમાં સતત વરસાદને કારણે છછી ગામના આજુબાજુની કંકાવટી નદી ભયજનક સ્થિતિએ વહી રહી છે. નદીમાં પાણીનો પ્રવાહ વધવાને કારણે લઠેડી ગામ પાસે નદી પર ડાયવર્ઝન રસ્તો તૂટી ગયો છે. જેને કારણે છછી ગામ સંપર્ક વિહોણું બન્યું છે. નદી પરનો રસ્તો તૂટી જતા વાહનવ્યવહાર ખોરવાયો છે. તો બીજી તરફ લોકો પોતાના જીવના જોખમે રસ્તો પસાર કરી રહ્યાં છે.

જાહેર ખબર માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર